આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-14-01-2024 સમય:-સવારે 6.50 કલાકે

------------------------------------------------------------------------

# પ્રાકૃતિક કૃષિ - અભ્યાસક્રમ

સમગ્ર દેશમાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પદ્ધતિસરના શિક્ષણની શરૂઆત કરાશે એગ્રીકલ્ચર .સી.એસ.પ્રાકૃતિક કૃષિમાં વિદ્યાર્થીઓ બી . .નો અભ્યાસ કરી શકશે.સી.એસ.અને એમ (ઓનર્સ)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં દેશના કૃષિ વૈજ્ઞાનિકો અને 12 વિષય નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક કૃષિનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે . -મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ2022માં પ્રાકૃતિક કૃષિના આ અભ્યાસક્રમનું વિમોચન કર્યું હતું2023 વર્ષ .-થી રાજયની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક કૃષિનો 24 અભ્યાસક્રમ દાખલ કરવામાંઆવ્યો છે.

ભારતીય કૃષિ સંશોધન પરિષદ )ICAR) દ્વારા પાંચમી ડીન કમિટીમાં શૈક્ષણિક વર્ષ 2024-થી સમગ્ર દેશની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક કૃષિનો 25 .અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

RNU અમદાવાદ

------------------------------------------------------------------------

RNU BHUJ

## NET UG – ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય

તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલી **NEET-UG, 2024** માં એક હજાર **563** વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય રદ કરાયો છે. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી બેંચ સમક્ષ આ મુજબ જણાવ્યું છે.

કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- એનટીએના વકીલે અદાલતમાં જણાવ્યું હતું કે, ગ્રેસ માર્ક અપાયેલા તમામ વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં લેવાનારી પુનઃપરીક્ષા આપવાનો વિકલ્પ અપાશે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## આઈ – ખેડૂત પોર્ટલ

રાજ્ય સરકારની વિવિધ ખેડૂત હિતલક્ષી યોજનાઓનો લાભ મળી શકે તે માટે કૃષિ વિભાગ દ્વારા આઈ-ખેડૂત પોર્ટલને આગામી તા. ૧૮મી જૂનથી સાત દિવસ સુધી ખુલ્લું મૂકવામાં આવશે. આ સાત દિવસ દરમિયાન વિવિધ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂતોએ **www.ikhedut.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે ,પાણીના ટાંકા બાંધકામ પર સહાય યોજના, સ્માર્ટ ફોન સહાય યોજના અને પાક સંગ્રહ યોજનાનો લાભ મેળવવા ખેડૂતો સાત દિવસ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------------

## કચ્છ – પીજીવીસીએલ – વીજ સુધારણા

ભુજ અને અંજાર પીજીવીસીએલ સર્કલ હેઠળ આવતા **10** તાલુકાઓમાં આવતીકાલથી રૂપિયા **380** કરોડના ખર્ચે વીજ સુધારણાનો પ્રારંભ થશે. ભારત સરકારની આરડીએસએસ યોજના હેઠળ સાતત્યપૂર્ણ વીજળી આપવાના હેતુ સાથે કચ્છ જિલ્લાના **7** લાખ **50** હજાર વીજગ્રાહકોના હિતમાં ભુજ અને અંજાર બંને સર્કલના દસ તાલુકામાં **2500** કિલોમીટર કોંટીંગ થયેલા વીજરેષા નાખવામાં આવશે. જેથી **1900** ટ્રાન્સફોર્મરની ક્ષમતા વધશે.

પ્રા. આરતી ભટ્ટ **(NP)**

---

## ધોરણ 9, 10 પાસ વિધાર્થી – પુનઃ પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિર્ણય મુજબ ધોરણ **9**થી **11**માં નાપાસ વિધાર્થીઓને પુનઃ પરીક્ષાના આધારે બઢતી આપવામાં આવશે. જે નવા શૈક્ષણિક સત્રના જુન મહિનાની **29**મી તારીખ સુધી ધોરણ **9** અને **11**ના નાપાસ થયેલ વિધાર્થીઓની શાળા કક્ષાએ તે વિષયની પરીક્ષા લઈ તેના પરિણામના આધારે વર્ગ બઢતી આપવામાં આવશે.

પ્રા. આરતી ભટ્ટ **(NP)**

---

## હોડકો- ધોળાવીરી પ્રવાસન ક્ષેત્રે – ટૂરીઝમ એવોર્ડ

પ્રવાસન ક્ષેત્રે કચ્છનું નામ દેશ વિદેશનમાં જાણીતું બની ગયું છે ત્યારે કચ્છ આવતા પ્રવાસીઓ ધોરડો અને ધોળાવીરાની અચૂક મૂલકાત લે છે. અહીં આવતા પ્રવાસીઓનો આતિથ્ય સત્કાર પણ સારી રીતે થાય છે ત્યારે  પ્રવાસન વિસ્તાર એવા  હોડકો અને વાગડના ધોળાવીરામાં  વિલેજ રિસોર્ટને સાંકળી પ્રવાસન ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ હોડકોના સલામભાઇ હાલેપોત્રા અને ધોળાવીરાના જીલુભા સોઢાને ગુજરાત પ્રવાસન નિગમે વર્ષ 2024નો ટૂરિઝમ એવોર્ડ આપી સન્માન કર્યું છે. સન્માનિત થયેલા બન્ને મહાનુભાવોએ પોતાના ક્ષેત્રના વિકાસ અને પ્રવાસન માટે મહત્વની ભૂમિકા ભજવી છે.

પરેશભાઈ મારૂ

---

## વન્ય પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા

એશિયાના એક માત્ર કચ્છના ઘુડખર અભયારણ્ય વિસ્તારમાં આવતા રાપર, ભચાઉ તાલુકાના રણમાં જોવા મળતા ઘુડખર, શાહુડી, ચિકારા, હરણ, નિલગાય સહિતના  વન્ય પ્રાણીઓ માટે પીવાનાં પાણીની સમસ્યા વિકટ ન બને તે માટે વન વિભાગ દ્વારા  રણમાં ઉનાળા દરમ્યાન પાણી ટેન્કર દ્વારા નાખી કૂંડ ભરાય છે. કચ્છના મોટા રણમાં વિચરતા વન્ય જીવો માટે ઉનાળા દરમિયાન પીવાનું પાણી મળી રહે તે માટે દર વર્ષે ખાસ પ્રકારના કૂંડ વિભાગ દ્વારા નિર્માણ કરવામાં આવતા હોય છે. જેમાં બે  ચિત્રોડ, માણાબા, ટગા, વરણું, સુખપર, નાંદા, બાંભણસર, સણવા, મોમાયમોરા વગેરે. બાર પોઈન્ટ  ઉપરાંત ખડીરના અને ભચાઉ તાલુકામાં નાના-મોટા અવાડા બનાવવામાં આવ્યા છે.

પરેશભાઈ મારૂ

---